# ધી પ્રોપરાયટરી હાઇસ્કુલ ટ્રસ્ટ સંચાલિત

# દીવાન બલ્લુભાઇ માધ્યમિક શાળા કાંકરીયા, અમદાવાદ

# * સહઅભ્યાસ તેમજ શૈક્ષણિક પ્રવૃતિઓનો વાર્ષિક અહેવાલ *

# વર્ષ – ૨૦૦૯-૨૦૧૦

(૧) આપણી શાળાના શૈક્ષણિક કાર્યની શરૂઆત રોજ પ્રાર્થના થી જ થાય છે. જેમાં શાળાના વિધાર્થીઓ લયબધ્ધ રીતે સરસ્વતી દેવીની આરાધના કરે છે અને મહાપુરૂષો ના જન્મદિન નિમિતે વકતવ્યો રજૂઆત કરવામાં આવે છે અને અઠવાડિયામાં એક વખત સમૂહ પ્રાર્થના નો કાર્યક્રમ પ્રાર્થના હોલમાં રાખવામાં આવે છે. જેમાં જુદા જુદા શિક્ષકો પ્રેરક પ્રવચનો આપે છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધા, ભજન સ્પર્ધા, દેશભકિત ગીતૌ, હાસ્યરસિક નાટકો, ગીત પંકિત વગેરેની હરીફાઇ રાખવામાં આવે છે.

(૨) પ્રથમ,દ્વિતીય, કસોટી ના અંતે શાળાના દરેક વર્ગના પ્રથમ પાંચ નંબરો પ્રાપ્ત કરનાર વિધાર્થીઓને વધુ ઉચી સિધ્ધી મેળવવા માટે માર્ગદર્શન આપવા સાથે તેઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવે છે.

(૩) શાળાના શિક્ષકોના માર્ગદર્શન નીચે વિધાર્થીઓના જેમાં ગ્લાસ પેઇન્ટીંગ,કેલીગ્રાફી, વૈદિકગણિત,ક્રિકેટ તથા સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તેવી કોમ્પ્યુટર આધારિત માહિતી વિધાર્થીઓ દ્વારા બુલેટીન બોર્ડ પર મૂકવામાં આવે છે.

(૪) વર્ષ દરમિયાન શાળા પરિવાર, પૂર્વ વિધાર્થી મંડળ અને વાલી મંડળના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન કરી ૧૦૦ થી વધુ બોટલ રકત રેડક્રોસ સોસાયટીમાં પહોચાડયું.

(૫) મે-જૂનની રજાઓમાં સમર એકિટવિટીઝ કેમ્પ યોજવામાં આવેલ છે.

(૬) તા.૨૩-૬-૦૯ થી ૩-૭-૦૯ ગુજરાત સ્ટેટ સોફ્ટ ટેનીસ ટીમ 5th જુનિયર નેશનલ સોફ્ટ ટેનીસ ચેમ્પીયન શીપ પંજાબ લુધિયાણા ખાતે ૮ ટેક.નો પટેલ ધ્રુવ હર્ષદભાઈ રમવા ગયો હતો.

(૭) તા.૨૨-૬-૦૯ ના રોજ વડોદરા મુકામે યોજાયેલ N.C.C દ્વારા રાયફલ શુટિંગ સ્પર્ધામાં શાળાનો વિધાર્થી ચાવડા નિકુંજ દેવેન્દ્રકુમાર પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ.

(૮) તા.૫-૬-૦૯ વિશ્વ પર્યાવરણ દિન નિમિતે અમદાવાદ શહેર કક્ષાની ડ્રોઇંગ કોમ્પિટીશનમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરતાં તેનું સન્માન માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા અમદાવાદ મેયર શ્રી કાનાજી ઠાકોર તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી અશીતભાઈ વોરા ના હસ્તે થયું અને પ્રખરતા શોધ કસોટીમાં વર્ષ ૨૦૦૮-૦૯ માં લેવાયેલ પરીક્ષામાં ગુજરાતમાં ગણિતમાં પ્રથમ નંબર મેળવી રૂ. ૨૫૦૦ ઈનામ પ્રાપ્ત કરેલ ધો. 8C માં વશિષ્ટ દુધિયા એ શાળાનું ગૌરવ વધાર્યું શાળાની વિધાર્થીની રૂચિ મહેશભાઈ દેસાઈ એ શાળાનું ગૌરવ વધાર્યું.

(૯) તા. ૭-૭-૦૯ શાળામાં ગુરૂપર્ણિમાના ઉત્સવ ઉજવણીમાં વિધાર્થીઓ અને શિક્ષકોએ માર્ગદર્શક પ્રવચનો આપ્યા.

(૧૦) આચાર્ય શ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ શાળાની ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહના વિધાર્થીઓના વાલીસંમેલન માં વિજ્ઞાનપ્રવાહ ના વિધાર્થીઓએ કઈ બાબતોની કાળજી રાખવી અને ભાવિ કારકીર્દી માં કઈ તકો છે તેનું માર્ગદર્શન આવામાં આવ્યું

(૧૧) તા. ૨૬-૬-૦૯ ના રોજ L.R.C. રૂમમાં ધો. ૧૧ના N.S.S. ના વિધાર્થીઓને માહિતી અને કાર્યસુચિ અંગે સમજણ આપવામાં આવી.

(૧૨) શાળાના પૂર્વ વિધાર્થી શ્રી સાર્થ એન. શાહ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જી. ટેકનોલોજી માં અમેરીકાની યુનિવર્સીટીમાં બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ મેળવ્યો.

(૧૩) તા. ૧૫-૭-૦૯ ધો. ૧૧ અને ૧૨ ના કોમર્સના વિધાર્થીઓને પ્રાર્થનાહોલમાં અંદાજપત્રની સમજ અને ચર્ચા શ્રી હરેશભાઈ વ્યાસ અને શ્રી પ્રદિપભાઈ દવે દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

(૧૪) તા. ૧૬-૭-૦૯ ના રોજ શાળાના પટાંગણમાં N.S.S. અને N.C.C. ના વિધાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ ક્રાર્યક્રમ કર્નલ શ્રી શ્રીવાસ્તવ ની ઉપસ્થિતિમાં યોજાયો.

(૧૫) તા. ૨૧-૭-૦૯ ના રોજ ફીજીકલ ગ્રાઉન્ડ ખોખરા મણિનગર મુકામે મણિનગર વોર્ડ માં રમતોત્સવમાં શાળાની જુનિયર બહેનોની કબડ્ડી હરીફાઈમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. અને તેમાંથી ચાર છોકરીઓ શહેર કક્ષાએ પસંદગી પામેલ છે.

(૧૬) તા. ૨૩-૭-૦૯ ના રોજ L.R.C. રૂમમાં N.I.F દ્વારા વિધાર્થીઓને સંશોધનને અનુરૂપ માર્ગદર્શન પ્રવચન તેમજ વિધાર્થી જીવન જરૂરીયાત માટે નવીન શોધો અંતર્ગત વિચારો અને મોડેલની માહિતી આપી. કાર્યક્રમનાં વકતાશ્રીઓ શ્રી કિરણ ન્યુયોર્ક(U.S.A.), શ્રી જૈશબ્દીન નોએ તેમજ ઉર્વિગુપ્તા, શ્રી હેમા પટેલ તથા શ્રી ધારા ભાવસાર ઉત્સાહપ્રેરક વાતો કરી.

(૧૭) તા. ૧૨-૮-૦૯ ના રોજ ડો. વિક્રમ સારાભાઈ જન્મજયંતિ નિમિતે યોજાયેલ બાળ વૈજ્ઞાનિકોએ નવીન કૌશલ્ય ઉભું કરી. કુલ ૧૩૬ પ્રોજેકટ રજુ કર્યા, અને શ્રેષ્ઠ કૃતિઓને સર્ટિ અને શિલ્ડ એનાયત કર્યા કાર્યક્રમમાં શાળાના ચેરમેન શ્રી બી.જે. દીવાન સાહેબ, મુખ્ય મહેમાન શ્રી નિતિનભાઈ ભાવસાર તેમજ જીલ્લા શિક્ષણ અધિકારી શ્રી કે.કે. રાઠોડ સાહેબ ઉપસ્થિત રહી ઉત્સાહ પ્રેરક પ્રવચન આપ્યા.

(૧૮) નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૦૯ ગાંધીનગર મુકામે અમદાવાદ શહેર કક્ષાએ વકૃત્વ સ્પર્ધામાં શાળાનો વિધાર્થી ઠક્કર શિવમ અશોકભાઈ એ પ્રથમ સ્થાન મેળવ્યું.

(૧૯) તા.૭-૮-૦૯ ના રોજ સરદાર સ્મારક શાહીબાગ સાથે સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી તરફથી રોટરી કલબ અમદાવાદ એરપોર્ટ તરફથી દેશભક્તિ, રાષ્ટ્રીય ગીત હિન્દી વિભાગમાં અમદાવાદ શહેરની શાળામાં આપણી શાળાએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યું.

(૨૦) તા.૧૫-૮-૦૯ ના રોજ રાષ્ટ્રીય તહેવાર સ્વાતંત્ર્ય દિનની ઊજવણી શાળાના પટાંગણમાં મુખ્ય મહેમાન પૂર્વ વિધાર્થી ¾ી પ્રકાશભાઈ શાહ તેમજ ટ્રસ્ટી શ્રી અરૂણભાઈ ચતુર્વેદીના સાનિધ્યમાં સાંસ્કૃતિક પોગ્રામ ડેમ્બેલ્સના દાવ, યોગાશન કર્યા.શાળાના આચાર્યશ્રી ડો. કીરીટભાઈ જોષી સાહેબે પ્રસંગ ને અનુરૂપ પ્રવચન આપ્યું.

(૨૧) તા.૨૨-૮-૦૯ થી તા.૨૩-૮-૦૯ ના રોજ N.S.S. નોકેમ્પ જેમાં સાણંદ તાલુકાના વડનગર, વશોદરા મુકામે યોજાયો તેમાં ગામની સંસ્કૃતિ સાથે પરામર્શ કર્યું. તેમજ કન્યા કેળવણી તેમજ વ્યસન મુકિત રેલી કાઢી. ગ્રામસફાઈ, પ્રભાતફેરી, રાત્રે અંધશ્રધ્ધા નિવારણનો કાર્યક્રમ કર્યો તેમાં મુખ્ય મહેમાન જિલ્લા પ્રાથમિક અધિકારી શ્રી એસ.પી.ચૌધરી શાળાના પૂર્વ વિધાર્થીઓ, ડોકટરો તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી મુકેશભાઈ પટેલ હાજર રહયા હતા. તેમજ A.D.C. બેંકના ચેરમેન તેમજ પૂર્વ વિધાર્થી શ્રી અજયભાઇ પટેલ માર્ગદર્શક અને પૂરક બન્યા હતા અને ધારાસભ્ય શ્રી કમાભાઈ રાઠોડ શાળાની પ્રવૃતિઓને બીરદાવી હતી.

(૨૨) મણીનગર વોર્ડ યુવા મહોત્સવમાં સમૂહગીત, ભજન, સુગમ સંગીત, લોકગીત, તબલાવાદન, ચિત્રકલા, નિબંધસ્પર્ધા માં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

(૨૩) તા.૨૯-૯-૦૯ S.V.S કક્ષાના વિજ્ઞાનમેળામાં શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગ ૧,૨,૩,૫ માં શ્રેષ્ઠ કૃતિઓનું સ્થાન મેળવ્યું હતુ.

(૨૪) તા.૨૪-૧૦-૦૯ થી તા. ૨-૧૧-૦૯ દરમ્યાન યુથ હોસ્ટેલ ધ્વારા આયોજીત ગોવા પણજી મુકામે ટ્રેકીંગ નેચર સ્ટડી કેમ્પમાં શાળાના ૬૯ વિધાર્થીઓ જોડાયા.

(૨૫) અમદાવાદ શહેર કક્ષાના વિજ્ઞાનમેળામાં નવયુગ શાળા નરોડા મુકામે વિભાગ ૧,૨,૩,૫ ભાગ લીધલ હતો.

(૨૬) તા.૧૩-૧૦-૦૯ ના રોજ અમદવાદ શહેરનો જીલ્લા યુવામહોત્સવ આપણી સંસ્થામાં ઉજવાયો જેમાં અધ્યક્ષ સ્થાને શ્રી અસિત વોરા, મુખ્ય મહેમાન ડો.દક્ષાબેન, અતિથિ વિશેષ ડો. મેહુલભાઇ શાહ તથા નયનાબેન દેશાઇ ઊપસ્થિત રહયા.

(૨૭) તા.૧૭-૧૧-૦૯ના રોજ IIPM સંસ્થા દ્રારા આયોજીત MBA ની ઉપયોગીતા અને અન્ય વ્યવસાયની સરખામણીમાં તેનું વિશેષ મહત્વ વિશે સેમનિાર માં ધો. ૧૨ના કોર્મસના ૧૧૮ વિધાર્થીઓ સેમીનારમાં જોડાયા.

(૨૮) ક્રિકેટમાં U.19 દીવાન બલ્લુભાઈ L.D આર્ટસ કોલેજના મેદાન ઉપર શાળાની ટીમ વિજેતા થઈ.

(૨૯) અમદાવાદ શહેર કક્ષાના યુવા ઉત્સવમાં ભજનસ્પર્ધા, સુગમસંગીત, નિબંધલેખન માં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. અને શાળાનું ગૌરવ વધારેલ છે.

(૩૦) મણિનગર વોર્ડમાં શાળાની ભાઈઓની કબડ્ડીની ટીમ રર્નસ અપ થઇ.

(૩૧) શ્રી દર્શિત ઉમેશભાઇ ધો. ૧૧ D એ તરણ સ્પર્ધામાં અમદાવાદ શહેરમાં પ્રથમ નંબર મેળવ્યો.

(૩૨) મણિનગર વોર્ડમાં એથ્લેટીકસમાં ભાઈઓમાં ઉચીકુદ, ચક્રફેંક, લાંબીકુદ, ૧૦૦મી.દોડ, ૨૦૦મી. દોડ, ૪૦૦મી. દોડ માં પ્રથમ નંબર બરછીફેંક, ૧૫૦૦મી. દોડ માં તૃતીય નંબર તેમજ બહેનોમાં ચક્રફેંક, બરછીફેંક,ગોળાફેંક માં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

(૩૩) શાળાના હોલમાં ગીતાજયંતી વકૃતત્વ સ્પર્ધામાં ભાગ લીધો. શ્રીમદભગવદ્ ગીતા વિષે ની સમજણ આપી.

(૩૪) તા. ૧૪-૨-૦૯ બાળ ઉર્જા સંરક્ષણ દિન નિમિતે શાળામાં વકતૃત્વ સ્પર્ધા ચિત્રસ્પર્ધા, ઉર્જારેલી નો કાર્યક્રમ કરી વિધાર્થીઓને ઉત્સાહિત કર્યા.

(૩૫) તા. ૧૭-૨-૦૯ ના રોજ સમાજ શિક્ષણનો ફાળો N.S.S વિધાર્થીઓ દ્રારા રૂ.૧૪૦૫ એકઠું કરી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ શહેર ને પહોચાડયો.

(૩૬) તા. ૧૮-૨-૦૯ યુવા ઉત્સવ રાજય કક્ષાનો સુરત મુકામે યોજાયેલ તેમાં શાળાની વિધાર્થી ઠાકર શૈલી ધો.11A નિબંધ સ્પર્ધામાં રાજય લેવલે પ્રથમ નંબર પ્રાપ્ત કરી રાષ્ટ્રકક્ષાએ આસામ જશે અને શાળાનું ગૌરવ વધાર્યું.

(૩૭) રામાનુજન મેથ્સ કલબ દ્રારા અમદાવાદ શહેર અને ગ્રામ્ય કક્ષાએ શકિત વિધાલય ચાંદલોડિયા મુકામે મેથ્સ ની કવીઝમાં દ્રિતિય નંબર અને ઉચ્ચતર માધ્યમિક કવીઝમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

(૩૮) યુવાઉત્સવમાં રાજ્ય કક્ષાએ સુરત મુકામે કંઠસ્થમાં દેવાશ્રયી દેવાશિષ ડી. એ બીજો નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું.

(૩૯) રામાનુજન મેથ્સ ક્લબ દ્વારા પ્રાદેશિક ગણિત સ્પર્ધામાં નેશનલ કક્ષાએ પરીક્ષામાં શાળાના શાહ સ્મીત એસ. 11 – A અને શારદા જીગર એમ. 11 – A Select કરવામાં આવ્યા.

(૪૦) તા.૨૬-૧૨-૦૯ ના રોજ ધો– 11 અને ધો – 12 વિધાર્થીઓની વન ડે પિકનીક નર્મદા, આજવા, નિમેટા ગયા.

(૪૧) શાળાનો શિયાળુ રમતોત્સવ તા. 30 – 31/12/09 ના રોજ ઉજવાયો જેમાં શાળાના ધો. 8 થી 11 ના વિધાર્થીઓએ એથ્લેટીક્સ રમતો અને સામૂહિક રમતોમાં ઉત્સાહ ભેર ભાગ લીધો.

(૪૨) તા. 01/01/10 ના રોજ ધો. 8 થી 10 Tech ના વિધાર્થીઓની ઈન્ડસ્ટ્રી વિઝીટ ST Work Shop નરોડા અને ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનની મુલાકાત લીધી.

(૪૩) ધો. 8 થી 12 ના મેધાવી વિધાર્થીઓ તેમજ બોર્ડમાં અને કેન્દ્રમાં શ્રેષ્ઠ સિધ્ધિ મેળવનાર વિધાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમમાં પૂર્વ વિધાર્થી શ્રી સુનીલભાઈ પરીખ દ્વારા ઈનામ, શિલ્ડ અને રોકડ પુરસ્કારના સન્માન સાથે સન્માનિત કર્યા.

(૪૪) શાળાનો સ્થાપના દિન 103 વર્ષ નિમિત્તે શાળામાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખી ‘ભારતી આશ્રમ’ સરખેજ ખાતે વૃધ્ધાશ્રમમાં ફ્રુટ વિતરણ, ભજન, ગરબા અને પ્રશ્ન ગોષ્ઠી અને વાર્તાલાપ તેમજ મેડિકલ ચેક – અપ અને શાળામાંથી જન જાગૃતિ રેલી માં ગ્લોબલ વોર્મિંગ, વ્યસન મુક્તિ, સ્વાઇન ફ્લૂ ની રેલી કાઢી શાળાનો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં પ્રેરક તરીકે ટ્રસ્ટી શ્રી ડો. હેમાંગભાઇ ઊપસ્થિત રહયાં.

(૪૫) તા. 08/01/10 ના રોજ શાળાના હોલમાં નશાબંધી અને વ્યસન મુક્તિ કાર્યક્રમ અંર્તગત વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

(૪૬) તા. 09/01/10 ના રોજ શાળાના હોલમાં અંગ્રેજી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરી વિધ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. જેમાં ડો. હેમંતભાઈ ભટ્ટ, કાર્તિકેયભાઈ પટેલ તથા ડો.સુનિલભાઈ પરીખ ઉપસ્થિત રહ્યા

(૪૭) તા. 11/01/10 ના રોજ ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં Plastic Exhibitionમાં ધો. 8 અને 9 Tech ના વિધાર્થીઓએ મુલાકાત લીધી.

(૪૮) તા. 26/01/10 ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી શાળાના પટાંગણમાં કરી. તેમાં મુખ્ય મહેમાન શ્રી.ડો. આર.કે.શાહ ના અધ્યક્ષ સ્થાને ઊજવણી કરી અને વિધાર્થીઓએ એકશન ગીત રજું કર્યુ.

(૪૯) તા. ૩-૩-૦૯ ના રોજ ધો-૯ ના વિધાર્થીઓ માટે વિષયની પસંદગી માર્ગદર્શન અને વિધાર્થીઓની ભાવિ કારકિર્દી માટે વાલીમીટીંગ કરવામાં આવી જેમાં ૯૫% વાલીઓ ઉપસ્થિત રહયાં.

(૫૦) ધો.-૮,૯ ની બહેનોની વનડે પીકનીક તા. ૮-૩-૨૦૧૦ ના રોજ ધો-૮,૯ વિધાર્થીભાઈઓની વનડે પીકનીક તા. ૯-૩-૨૦૧૦ ના રોજ અડાલજ, ગાંધીનગર, મહુડી, ઈન્દ્રોડા મુકામે લઈ ગયા.

(૫૧) તા. ૧૧-૨-૦૯ ના રોજ ધો-૧૨ ના વિધાર્થીઓનો દિક્ષાંત સમારોહ યોજાયો જેમાં, જેતલપુર સ્વામીનારાયણ મંદીરના મહંત શ્રી પી.પી. સ્વામી ઉપસ્થિત રહયા અને આર્શીવચન આપ્યા.